| * | સત્ય મેવ જયતે | પ્રાપ્તિ તારીખ | ૧૨/૦૫/૨૦૧૦ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૧૨/૦૫/૨૦૧૦ | | |
| | | ફેંસલ તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૧૯ | ૦૭ | ૧૫ |

**ફોજદારી કેસ નં. ૮૩૨૦/૨૦૧૦**

**ફોજદારી કેસ નં. ૫૭૦૨/૨૦૧૨**

આંક

## ફોર્મ–એ

ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી) સાહેબશ્રીની કોર્ટમાં ગાંધીનગર.

ફોજદારી કેસ નં. ૮૩૨૦/૨૦૧૦

ફોજદારી કેસ નં. ૫૭૦૨/૨૦૧૨

હુકમ તારીખ–૩૧/૧૨/૨૦૨૫

(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૫૩/૧૦/અડાલજ પોલીસ સ્ટેશન )

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચીરાગભાઈ પી. દવે |
| આરોપી | **ફોજદારી કેસ નં. ૮૩૨૦/૨૦૧૦ ના આરોપીઓ**<br>૧) રીજવાન ઉર્ફે રીજુભાઇ ગફુરભાઇ મલેક<br>રહે. કસબા ,ઝાલોદ તા. ઝાલોદ જી.દાહોદ<br>૨) મહેશ ધનાભાઇ ગરાસીયા<br>રહે.ઠકકરબાપા સોસાયટી બાંસવાડી રોડ નવાધરા ઝાલોદ<br>તા.ઝાલોદ જી.દાહોદ<br>૩)અખ્તરખાન ઇનાયતખાન પઠાણ<br>રહે. ઝાલોદ ટીબા ફળીયા મુળ–સીતાવટલી ,<br>તા. ઝાલોદ જી. દાહોદ<br>૪) ઇશાકભાઇ ઉર્ફે દાંડ રસુલભાઇ ગુડાલા |

| | |
|---|---|
| | રહે. ગુલીસ્તાન સોસાયટી અલીફનગર ઝાલોદ<br>તા. ઝાલોદ જી.દાહોદ<br>૫) યુનુસભાઇ હાજી અહેમદભાઇ ભુંગા<br>રહે. માંડલી ફળીયા ઝાલોદ તા. ઝાલોદ જી. દાહોદ તથા<br>ઠુઠી કંકાસીયા રોડ, પોલીસ સ્ટેશન સામે, ઝાલોદ<br>૬)જાવીદઅલી ઉર્ફે જાવલી બશીરઅલી સૈયદ<br>રહે. ઉર્દુ સ્કુલની સામે ફતેપુરા રોડ કસ્બા ઝાલોદ તા. ઝાલોદ<br>જી. દાહોદ<br>**ફોજદારી કેસ નં. ૫૭૦૨/૨૦૧૨ ના આરોપી**<br>૧) કનુભાઈ રામાભાઈ કટારા<br>રહે.ગરાડુ ગામ કળીયા દેવ ફળિયા તા. ઝાલોદ જી. દાહોદ |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી<br>ક્રિ.કે.નં.–૮૩૨૦/૨૦૧૦મા<br>ક્રિ.કે.નં.– ૫૭૦૨/૨૦૧૨ | તમામ વતી કે.બી.પ્રજાપતિ<br>એસ.જે.વાઘેલા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૪/૦૨/૨૦૧૦ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૧૨/૦૫/૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૨/૦૫/૨૦૧૦<br>તથા તા ૧૯/૧૧/૨૦૧૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૨૬/૦૭/૨૦૧૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૨/૦૫/૨૦૨૦ |
| હુકમ પર લીધા તારીખ | તા.૦૩/૧૨/૨૦૨૫ |
| હુકમની તારીખ | તા.૩૧/૧૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ | ... |

<u>આરોપીની વિગતો</u>

| **આરોપીનો ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ તારીખ** | **જામીન મુક્ત થયા તારીખ** | **આક્ષેપિત ગુનાની વિગત** | **નિર્દોષ કે તકસીરવાર** | **સજાની વિગત** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| | **ફોજદારી કેસ નં. ૮૩૨૦/૨૦૧૦ ના આરોપીઓ** | | | ઇ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ | નિર્દોષ | ––– | –– |
| ૧) | રીજવાન ઉર્ફે રીજુભાઇ ગફુરભાઇ મલેક | તા.૧૨.૩.૨૦૧૦ | તા.૧૨.૩.૨૦૧૦ | | | | |
| ૨) | મહેશ ધનાભાઇ ગરાસીયા | તા.૧૨.૩.૨૦૧૦ | તા.૧૨.૩.૨૦૧૦ | | | | |
| ૩) | અખ્તરખાન ઇનાયણખાન પઠાણ | તા.૧૨.૩.૨૦૧૦ | તા.૧૨.૩.૨૦૧૦ | | | | |
| ૪) | ઇશાકભાઇ ઉર્ફે દાંડ રસુલભાઇ ગુડાલા | તા.૪.૪.૨૦૧૦ | તા.૪.૪.૨૦૧૦ | | | | |
| ૫) | યુનુસભાઇ હાજી અહેમદભાઇ ભુંગા | તા.૩.૫.૨૦૧૦ | તા.૩.૫.૨૦૧૦ | | | | |
| ૬) | જાવીદઅલી ઉર્ફે જાવલી બશીરઅલી સૈયદ | તા.૫.૫.૧૦ | તા.૫.૫.૧૦ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **<u>ફોજદારી કેસ નં. ૫૭૦૨/૨૦૧૨ ના આરોપી</u>** | | | | | | |
| ૧) | કનુભાઈ રામાભાઈ કટારા | તા.૬/૧૧/૧૨ | તા.૬/૧૧/૧૨ | | | | |

| **ફોર્મ–સી** | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૧૯ | ફરીયાદી અજીતસિંહ હિરાભાઇ ભમાતની જુબાની | મૌખીક |
| ૨ | ૨૧ | પંચ હેમાજી તેમાજી વણઝારાની જુબાની | મૌખીક |
| ૩ | ૨૨ | પંચ તેજાજી જીવાનીની જુબાની | મૌખીક |
| ૪ | ૨૪ | પંચ ફુલાજી પોપટજી ઓડની જુબાની | મૌખીક |
| ૫ | ૨૬ | પંચ અબ્દુલ ગનીભાઇ અબ્દુલભાઇ ટીમીવાલાની જુબાની | મૌખીક |
| ૬ | ૬૫ | પંચ લક્ષ્મણસિંહ રામસિંહ ચૌહાણની જુબાની | મૌખીક |
| ૭ | ૬૭ | પંચ ગુણવંતભાઇ રામાભાઇ પટેલની જુબાની | મૌખીક |
| ૮ | ૬૯ | પંચ રમેશભાઇ પરશોતમભાઇ વાઘેલાની જુબાની | મૌખીક |
| ૯ | ૭૦ | સાહેદ અમીબેન રમેશભાઇ વાઘેલાની જુબાની | મૌખીક |
| ૧૦ | ૭૧ | સાહેદ કૈલાશજી ટીકુજીની જુબાની | મૌખીક |
| ૧૧ | ૭૫ | પંચ સલીમભાઇ કાળુભાઇ ટીમીવાળાની જુબાની | મૌખીક |
| ૧૨ | ૭૬ | પંચ અબ્દુલ મજીદ અબ્દુલ કરીમની જુબાની | મૌખીક |
| ૧૩ | ૯૭ | સાહેદ રમેશભાઇ ઇશ્વરભાઇ રાઠોડની જુબાની | મૌખીક |
| ૧૪ | ૩૩ | સી.સી.નં.૫૭૦૨/૧૨માં ફરીયાદી અજીતસિંહ હિરાભાઇ ભમાતની જુબાની | મૌખીક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત |
|---|

| એ.ફરીયાદ પક્ષ | | |
|---|---|---|
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૨૦ | ફરીયાદ |
| ૨ | ૨૩ | શરીર સ્થિતિનું પંચનામું |
| ૩ | ૨૫ | તપાસનું પંચનામુ |
| ૪ | ૨૮ | જેસીબી મશીન રીકવર કરેલાનું પંચનામુ |
| ૫ | ૬૬ | જે.સી.બી. રાખેલ જગ્યાનું પંચનામુ |
| ૬ | ૭૭ | ટાટા કાર કબજે કરેલાનું પંચનામુ |
| ૭ | ૯૯ | પંચનામુ |
| ૮ | ૩૪ | સી.સી. નં.૫૭૦૨/૧૨ માં ફરીયાદ |

**// <u>ચુ કા દો</u> //**

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૪/૨/૧૦ ના કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે મોજે અડાલજ ત્રિમંદીર સામેના છાપરાઓમાં ફરીયાદી પોતાની ઓરડીના દરવાજા આડા કરી અંદર સુઇ રહેલ તે દરમ્યાન આવી આરોપીઓ પૈકી નં.૧,૨ તથા કો.નં.૨માં બતાવેલ પૈકી નં. ૧ નાએ ઓરડીમાં જઇ ફરીયાદીને સુતેલી હાલતમાં જ દબાવી દઇ ચુપ રહેવા જણાવી ફરીયાદીના મોઢામાં કપડાનો ડુચો મારી તેની ઉપર રૂમાલ બાંધી તથા દોરડીથી બંને હાથ પાછળ બાંધી બંને પગો સાથે બાંધી દીધેલ તે દરમ્યાન ઓરડીની બહાર પડેલ જે.સી.બી. મશીન રજી. નં. જી.જે ૧૮ એચ ૭૭૧૮ પીળા કલરનું એલ.એન્ડ ટી. કેસ ૮૫૧ નું કિંમત રૂપિયા એક લાખનું પેટીમાં પડેલ ચાવી થી ચાલુ કરી આરોપીઓએ લુટ કરી તથા આરોપી નં ૩નાઓ તમામ આરોપીઓને તેમની ટાટા આશીયો ગાડી નં. જી. જે. ૧૨ પી. ૮૧૫૬ માં બેસાડી લઇ ગયેલ તેમજ આરોપી નં.૪ તથા ૫ નાઓએ સદરહુ મશીનના વેચાણ અર્થે ગ્રાહકો સાથે વાતચીત દલાલી કરી કોશીષ કરેલ તેમજ આરોપી નં.૬ નાઓ સદરહું મશીનને જે.સી.બી. મેરયુસથી ચલાવી ઝાલોદ લાવી તથા ઝાલોદથી બાંસવાડા (રાજસ્થાન) મુકી આવી, એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતાં અડાલજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ ૫૩/૧૦ થી નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. ની કલમ–૩૯૨,૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમા રજુ કરેલ. આ કામે સદર

મુદામાલ ચાર્જશીટમાંના કોલમ નં.૨માં જણાવેલ ઇસમે ચલાવી લઈ નાસી જઈ જે.સી.બી. જોરપુરા તા.બાલા શીનોર મુકી તયા આ જે.સી.બી. માટે ગ્રાહકો શોધી ગુનામા મદદગારી કરેલ હોવાનું જણાવેલ હોય તે આરોપીને પકડી શકાયેલ ના હોય, પાછળના તબકકે પકડાઇ જતા તેમના વિરુધ્ધ પુરવણી ચાર્જશીટ કેસ નં.૫૭૦૨/૧૨ થી કરવામાં આવેલ છે. જે બંને કેસોનો ચુકાદો એક સાથે અહીં જાહેર કરાયેલ છે.

૨. **<u>ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–</u>**

આ કામે આરોપી વીરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ આંક–૫૭ થી આંક–૬૨ સુધી તથા કેસ નં. ૫૭૦૨/૨૦૧૨ માં આંક–૦૮ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ. જેમા કેસ નં. ૮૩૨૦/૨૦૧૦ ના કામે પાછળથી આરોપી નંબર ૫ નાઓ હાજર ના રહેતા તેમના વીરુધ્ધ સદર કામ કલમ ૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે. તથા કેસ નંબર કેસ નં. ૫૭૦૨/૨૦૧૨ ના કામે પણ આરોપી હાજર ના રહેતા તેમના વીરુધ્ધ પણ આ કામે કલમ ૨૯૯ મુજબ પુરાવો નોંધવાનો હુકમ કરવામા આવેલ છે અને મુખ્ય ચાર્જશીટ તળે આ કામે તમામ પુરાવો નોંધાયેલ છે.

૨.૧ **<u>પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –</u>**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નીવેદન</u>**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મૌખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વીશેષ નીવેદન ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ, ૩૧૩ મુજબ નોંધવામાં આવેલ છે. જેમા પોતાના પક્ષે કોઈ સાહેદ ચકાસવા ના હોય તથા પુરાવા રજુ કરવા ના હોવાનુ જાહેર કરેલ હોય,આ રીતે બચાવ પક્ષે તેઓના બચાવમા મૌખીક

અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ નથી. આ કામે પુરવણી ચાર્જશીટ તે કેસનંબર ૫૭૦૨/૨૦૧૨ ના કામે આરોપી હાજર રહેલ ના હોય કેસ તેમની ગેરહાજરીમા ચલાવવામા આવેલ હોય, તેમનુ વીશેષ નીવેદન એ રીતે નોંધવામા આવેલ નથી.

૩ **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ</u>**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધમાં ફરીયાદીએ પોતાનો કેસ સક્ષમ રીતે, સબળ પુરાવા થી પુરવાર કરેલ હોય કાયદા માન્ય મહતમ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફે દલીલ કરતા જણાવેલ છે તેઓ નિર્દોષ છે. તેઓના ઉપર ખોટી ફરીયાદ કરેલ છે. તેઓને ખોટી રીતે આરોપી બનાવેલ છે. તથા આ કામે તેઓ દ્રારાજ સદર ગુના ની કામગીરી કરાયેલ હોય તેવુ બહાર આવેલ ના હોય, તેઓને નીર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. આ કામે પુરવણી ચાર્જશીટ તે કેસનંબર ૫૭૦૨/૨૦૧ ૨ ના કામે આરોપી હાજર રહેલ ના હોય કેસ તેમની ગેરહાજરીમા ચલાવવામા આવેલ હોય, તેમના પક્ષની દલીલ તે રીતે સાંભળી શકાયેલ નથી.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીર્ણય અંગેના મુદદા</u>**ઃ–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૪/૨/૧૦ ના કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે મોજે અડાલજ ત્રિમંદીર સામેના છાપરાઓમાં ફરીયાદી પોતાની ઓરડીના દરવાજા આડા કરી અંદર સુઇ રહેલ તે દરમ્યાન આવી આરોપીઓ પૈકી નં.૧,૨ તથા કો.નં.રમાં બતાવેલ પૈકી નં. ૧ નાએ ઓરડીમાં જઇ ફરીયાદીને સુતેલી હાલતમાં જદબાવી દઇ ચુપ રહેવા જણાવી ફરીયાદીના મોઢામાં કપડાનો ડુચો મારી તેની ઉપર રૂમાલ બાંધી તથા દોરડીથી બંને હાથ પાછળ બાંધી બંને પગો સાથે બાંધી દીધેલ તે દરમ્યાન ઓરડીની બહાર પડેલ જે.સી.બી. મશીન રજી. નં. જી.જે ૧૮ એચ

૭૭૧૮ પીળા કલરનું એલ.એન્ડ ટી. કેસ ૮૫૧ નું કિંમત રૂપિયા એક લાખનું પેટીમાં પડેલ ચાવી થી ચાલુ કરી આરોપીઓએ લુટ કરી તથા આરોપી નં ઉનાઓ તમામ આરોપીઓને તેમની ટાટા આશીયો ગાડી નં. જી. જે. ૧૨ પી. ૮૧૫૬ માં બેસાડી લઇ ગયેલ તેમજ આરોપી નં.૪ તથા ૫ નાઓએ સદરહુ મશીનના વેચાણ અર્થે ગ્રાહકો સાથે વાતચીત દલાલી કરી કોશીષ કરેલ તેમજ આરોપી નં.૬ નાઓ સદરહું મશીનને જે.સી.બી. મેરયુસથી ચલાવી ઝાલોદ લાવી તથા ઝાલોદથી બાંસવાડા (રાજસ્થાન) મુકી આવી, એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ નુ તથા આ કામે આરોપીઓ સદર મુદામાલ ચાર્જશીટમાંના કોલમ નં.૨માં જણાવેલ ઇસમે આપેલ હોવાનું જણાવેલ હોય તે આરોપીને પકડી શકાયેલ ના હોય, પાછળના તબકકે પકડાઇ જતા આ તમામ આરોપીએ એક બીજા ની મદદગારી કરી આ ઈ.પી.કો. ની કલમ–૩૯૨,૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

**૪.૧** ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક.
મુદ્દા નંબર– ૨ઃ–આખરી હુકમ મુજબ.

**૫.** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**:: <u>નિર્ણયો અંગેના કારણો</u> ::**

**<u>મુદ્દા નંબર– ૧ :–</u>**

**૬.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૯ થી ફરીયાદી

તરીકે અજીતસિંહ હિરાભાઇ ભમાતનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, બનાવ આશરે સાત આઠ વર્ષ પહેલા બનેલો. તેઓ રામાજી વણઝારાના જે.સી.બી.ના ડ્રાયવર તરીકે નોકરી કરતો હતો. તેઓ ચોવીસ કલાક કોબા સાઇડ ઉપર મશીન ચલાવીને આવીને સાઇડ ઉપર આવીને સુતો હતો ત્યારે રાત્રે ૧૨:૦૦ થી ૧:૦૦ વાગે ચાર પાંચ વ્યકિતઓ તેઓની ઓરડી ઉપર આવેલા. આ લોકોએ તેઓના મોઢામાં ડુચો નાખી હાથ પગ બાંધી દીધેલા તેઓને એક બેને હાથ પગ છોડયા હતા. ત્યાર બાદ તેઓએ જોયેલ કે તેઓનુ જે.સી.બી. એ લોકો લઇ ગયેલા. ત્યારબાદ તેઓએ તેઓના માલીક રામાજી વણઝારાને જાણ કરેલી. જે જે.સી.બી. આ લોકો લઇ ગયા તે બાબતની જાણ કરેલી. ત્યારબાદ તેઓએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોયને કહે છે કે તેમા તેઓની સહી છે. ત્યારબાદ બીજા દિવસે તેઓને પોલીસ સ્ટેશને તેઓનો વધુ જવાબ લીધેલો જેમા તેઓ આ બનાવ બાબતે જણાવેલ. તેઓનુ જે.સી.બી. મશીન જે લઇ ગયા તે વ્યકિતને તેઓ જોયેલ ન હતા.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ ફરીયાદીની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો સ્વીકાર કરતા જણાવેલ છે કે, " એ વાત સ્વીકારેલ છે કે, તેઓ જે વણઝારા રામાજી રાજાજી જેમનો જે.સી.બી. મશીન નં. જી.જે.૧૮ એ.એચ ૭૭૧ ૮ ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરે છે. અને તેઓ તેઓની ફરીયાદમાં એવુ લખાવેલ કે ચારેક

વાગે તેઓ શેઠે અંબાપુરા ગામે એક ફાર્મમાં માટી લેવલીગ સારુ આવેલા અને પાંચેક વાગે કામ શરુ કરી તા. ૨૩/૨/૧૦ ના મધ્યરાત્રીના એકાદ વાગ્યા સુધી કામ કરેલ અને ત્યાં જ જે.સી.બી. રાખી સુઇ ગયેલા.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ અસ્વીકારેલ છે કે, તેઓ રાત્રે સુઇ ગયેલ હોય બનાવ કેટલા વાગે બનેલો તેની તેઓને ખબર ન હોય એ વાત સ્વીકારેલ છે કે તેઓ રાત્રે અંધારુ હોવાથી ચોરોને જોયેલા નથી. અને જે વ્યકિત જે.સી.બી. ચલાવીને લઇને ગયો તેને તેઓએ જોયેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓએ તેઓના શેઠના કહેવાથી ખોટી ફરીયાદ આપેલી.

**(૬.૧)** ફોજદારી કેસ નં.૫૭૦૨/૧૨ના કેસમાં આંક–૩૩ થી જ સદર ફરીયાદીને અજીતસિંહ હિરાભાઇ ભમાતનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, બનાવ આશરે ૬–૭ વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે સાંજે તેઓ અડાલજ પાસે રામાજી વણઝારાનું જે.સી.બી. લઇને કામ કરતો હતો તે વખતે આશરે ચાર પાંચ વ્યકિતઓ તેઓની પાસે આવેલા અને તેઓના હાથ બાંધી દઇ તેઓનુ જે.સી.બી. લઇ ગયેલા. તે વખતે તેઓ એકલો જ હતો. ત્યાર બાદ તેઓના શેઠ રામાજીને બનાવની જાણ કરેલી. ત્યારબાદ એક બેને તેઓના હાથ છોડી દીધેલા. ત્યાર બાદ તેઓ બનાવની ફરીયાદ આપેલી. તે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓ જે.સી.બી. પરત મળેલ કે કેમ તેની ખબર નથી તથા તે કોણ લુટી ને લઇ ગયેલ તે વિશે તેઓ કંઇ જાણતો નથી. ફરીયાદ આપ્યા બાદ પોલીસે તેઓની કોઇ કાર્યવાહી માટે બોલાવેલ નહી.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ ની ફરીયાદ, તારીખ સમય બાબતની તેઓને ખબર નથી.

અને ફરીયાદ આપેલી તે બાબતે પોલીસ સ્ટેશને બોલાવેલા અને ફરીયાદ આપેલી અને ફરીયાદમાં કોઇ ઇસમનુ નામ તેઓના શેઠે લખાવેલ નહી. અને કયા ઇસમે તેઓના હાથ બાંધી દીધેલા તે તેઓને ખબર નથી. અને કયા બેને તેઓના હાથ છોડાયેલા તેને પણ તેઓ ઓળખતો નથી. અને તેઓના શેઠ તેઓની સાથે આવેલા અને જેમ પુછયુ તેમ ફરીયાદમાં લખાવેલ અને ફરીયાદ આપ્યા સિવાય બીજુ કંઇ જાણતો નથી અને પોલીસે બોલાવેલા નથી.

૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૧ થી પંચ તરીકે હેમાજી તેજાજી વણઝારાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓને અસલ પંચનામાનુ બતાવામાં આવે છે. તેમા પંચ ૧ તરીકે તેઓની સહી છે. આ સહી તેઓ પોલીસના કહેવાથી માત્ર સહી કરે છે. તે સિવાય તેઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ નથી કે તેઓ પોલીસને કોઇ પંચનામુ લખાવેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્રારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે, " તેઓએ તેઓના પંચનામામાં લખાવેલ કે, અડાલજ પો.સ્ટે. માં તા. ૨૪/૨/૧૦ ના રોજ અડાલજ પોલીસ સ્ટે.થી બોલાવવાથી તેઓ પંચો આ કામના ફરીયાદી અજીતસિંહ હિરાભાઇની ફરીયાદના કામે તા. ૧૩/૩/૧૦ રોજ પોલીસના તેઓ પંચોએ સ્વખુશી બતાવેલી હતી. તા. ૨૪/૨/૧૦ ના કલાક ૧૪/૦૦ દરમ્યાન ફરીયાદી

અજીતસિંહ હીરાભાઇ ભમાતનાઓ આ કામના આરોપીઓએ પોતાને હાથે પગે દોરડી બાંધી, મોઢે બાંધેલ ડુચો મારેલ કપડુ તેઓ પંચો રૂબરૂ રજુ કરતા તથા તેમની શરીર સ્થિતીનુ પંચનામુ કરવાનુ હોય  પો.સ્ટે. તેઓને બોલાવેલ શરીરે જોતા કોઇ દેખીતા નિશાન જણાતા નથી. તેમજ ઉપરોકત વસ્તુઓ તપાસ અર્થે કબજે લીધેલ અને કાપડનો ટુકડો પડીકામા પેક કરી પંચો રૂબરૂ સહી કરી પો.સ.ઇ. ની સહી લીધેલ તે સિવાય બીજુ કંઇ કબજે લીધેલ નહી.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. તે સિવાય તેઓ કાંઇ જાણતો નથી.

૮. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૨ થી પંચ તરીકે તેજાજી જીવાજી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે,  તેઓને અસલ પં ચનામાનુ બતાવામાં આવે છે. તેમા પંચ ૧ તરીકે તેઓની સહી છે. આ સહી તેઓ પોલીસના કહેવાથી માત્ર સહી કરે છે. તે સિવાય તેઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ નથી કે તેઓ પોલીસને કોઇ પંચનામુ લખાવેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ  અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ  પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે, " તેઓએ તેઓના પંચનામામાં લખાવેલ કે, અડાલજ પો.સ્ટે. માં તા. ૧૩/૩/૧૦ ના રોજ અડાલજ પોલીસ સ્ટે.થી બોલાવવાથી તેઓ પંચો

આ કામના ફરીયાદી અજીતસિંહ હિરાભાઇની ફરીયાદના કામે તા. ૧૩/૩/૧૦ રોજ પોલીસના તેઓ પંચોએ સ્વખુશી બતાવેલી હતી. તા. ૧૩/૧૦/૧૮ ના કલાક ૧૦/૩૫ દરમ્યાન પોલીસને કસ્ટડીમાં જપ્તા હેઠળના આરોપીઓના નામ ઠામ પુછતા તે ૧) રીઝવાન ગફુરભાઇ મલ ેક ૨) મહેશભાઇ ધનાભાઇ ગરાસીયા બને અલગ અલગ રાખી વારા ફરતી પુછતા તા. ૨૪/૨/૧૦ ના રાત્રીના દોઢ એક વાગ્યાના સુમારે અડાલજ પેટ્રોલપંપ સામેના છાપરામાં અંદરના ખાંચાના ભાગે પડી રહેલ એક જે.સી.બી. મશીનની એક ઇસમને બાજુના ઓરડામાં સુતેલો બાંધી દઇ લુંટ કરી ફરાર થઇ ગયેલ ત્યારબાદ અડાલજ પો.સ્ટે. થી બહાર આવી અડાલજ ચોકડી તરફ જવાના હાઇવે રોડ ઉપર પેટ્રોલ પંપની સામે આવી આરોપી નં.૧નાઓએ નીચે ઉતારી જણાવતા તેણે હાથના ઇશારાથી ઓરડી બતાવેલ તથા ખુલ્લી જગ્યા બતાવી જયાંથી તેઓ જે.સી.બી. મશીન લઇ ગયેલા તેમજ બીજા આરોપી મહેશભાઇને નીચે ઉતારી છાપરા તરફ લઇ જતા ખુલ્લી જગ્યામાં આવી ડાબી બાજુમાં એક ઇટોની ઓરડી બતાવી ઓરડીના સામેના ભાગે ખુલ્લી જગ્યા બતાવી ખુલ્લી જગ્યા એ થી જે.સી.બી. મશીન લઇ ગયેલા એવુ તેઓએ પંચો રૂબરૂ જણાવેલ.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. તે સિવાય તેઓ કાંઇ જાણતો નથી.

૯. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૪ થી પંચ તરીકે ફુલાજી પોપટજી ઓડ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓને અસલ પંચનામાનુ બતાવામાં આવે છે. તેમા પંચ ૧ તરીકે તેઓની સહી છે. આ સહી તેઓ પોલીસના કહેવાથી માત્ર સહી કરે છે. તે સિવાય તેઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ નથી

કે તેઓ પોલીસને કોઇ પંચનામુ લખાવેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે, " તેઓએ તેઓના પંચનામામાં લખાવેલ કે, અડાલજ પો.સ્ટે. માં તા. ૧૩/૩/૧૦ ના રોજ અડાલજ પોલીસ સ્ટે.થી બોલાવવાથી તેઓ પંચો આ કામના ફરીયાદી અજીતસિંહ હિરાભાઇની ફરીયાદના કામે તા. ૧૩/૩/૧૦ રોજ પોલીસના તેઓ પંચોએ સ્વખુશી બતાવેલી હતી. તા. ૧૩/૧૦/૧૮ ના કલાક ૧૦/૩૫ દરમ્યાન પોલીસને કસ્ટડીમાં જપ્તા હેઠળના આરોપીઓના નામ ઠામ પુછતા તે ૧) રીઝવાન ગફુરભાઇ મલ ેક ૨) મહેશભાઇ ધનાભાઇ ગરાસીયા બને અલગ અલગ રાખી વારા ફરતી પુછતા તા. ૨૪/૨/૧૦ ના રાત્રીના દોઢ એક વાગ્યાના સુમારે અડાલજ પેટ્રોલપંપ સામેના છાપરામાં અંદરના ખાંચાના ભાગે પડી રહેલ એક જે.સી.બી. મશીનની એક ઇસમને બાજુના ઓરડામાં સુતેલો બાંધી દઇ લુંટ કરી ફરાર થઇ ગયેલ ત્યારબાદ અડાલજ પો.સ્ટે. થી બહાર આવી અડાલજ ચોકડી તરફ જવાના હાઇવે રોડ ઉપર પેટ્રોલ પંપની સામે આવી આરોપી નં.૧નાઓએ નીચે ઉતારી જણાવતા તેણે હાથના ઇશારાથી ઓરડી બતાવેલ તથા ખુલ્લી જગ્યા બતાવી જયાંથી તેઓ જે.સી.બી. મશીન લઇ ગયેલા તેમજ બીજા આરોપી મહેશભાઇને નીચે ઉતારી છાપરા તરફ લઇ જતા ખુલ્લી જગ્યામાં આવી ડાબી બાજુમાં એક ઇટોની ઓરડી બતાવી ઓરડીના સામેના ભાગે ખુલ્લી જગ્યા બતાવી ખુલ્લી જગ્યા એ થી જે.સી.બી. મશીન લઇ ગયેલા એવુ તેઓએ પંચો રૂબરૂ જણાવેલ.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. તે સિવાય તેઓ કાંઇ જાણતો નથી.

**૧૦.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૬ થી પંચ તરીકે અબ્દુલ ગનીભાઇ અબ્દુલભાઇ ટીમીવાલા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓને અડાલજ પો.સ્ટે. વાળાઓએ આ પંચનામુ કરવા બાબતે બોલાવેલ. આજથી દશેક વર્ષ પહેલા બાંસવાળા દાહોદ રોડ ઉપર આવેલ કોલોનીમાં તેઓને બોલાવી એક જે.સી.બી. હતુ. જે જે.સી.બી.નો નંબર જી.જે.૧૮ એ એચ ૭૭૧૮ હતુ જે કાળા અને પીળા રંગનુ હતુ. સદર મશીનની કિંમત  દશ લાખ રૂપિયા જેટલી હતી. જેસીબી આગળ પાછળ રજી. નંબરની પ્લેટો હતી. તેઓએ તેઓના લખાવ્યા પ્રમાણે પોલીસે પંચનામુ લખેલું. તેઓને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જે જોયને કહે છે કે તેમા તેઓની સહી છે.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામુ થયે તારીખ હાલ તેઓને યાદ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, પોલીસ ે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલુ અને નંબર પ્લેટ ઉપર કાળો રંગ મારેલ હોવાથી તેઓ જેસીબીનો નંબર જણાવી શકે નહી એ વાત સ્વીકારેલ છે કે, સ્થળ ઉપર જેસીબી મશીન સિવાય અન્ય કોઇ સાધન ન હતુ અને જેસીબી સાથે આરોપીઓ હતા નહી એ વાત તેઓ જણાઇ શકે નહી કે પોલીસે તેઓના પહેલા અન્ય કોઇ પંચની સહી લીધેલ કે કેમ?

**૧૧.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૬૫ થી પંચ તરીકે લક્ષ્મણસીહ રામસીહ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ

જણાવે છે કે, આશરે ૧૪ વર્ષ પહેલા અડાલજ પોલીસે તેઓને અડાલજ પો.સ્ટે. બોલાવેલ. ત્યાં જેસીબી રાખેલ તે જગ્યાના નુ પંચનામામાં પંચ નં.૧ તરીકે સહી કરેલી. તે સિવાય પંચનામા વિશે તેઓને કોઇ જાત માહીતી નથી કે પંચનામુ તેઓએ લખાવેલ નથી. તેઓની હાજરીમાં કોઇ ઇસમે જેસીબી કયાંય રાખેલ હોય તેવુ જણાયેલ હોય તેવુ બનેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે, અડાલજ પો.સ્ટે. ના કામે ઇ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ ના કામે પોલીસે પકડેલ આરોપી પોતાની રાજીખુશીથી કંઇક કહેવા માંગતો હોય તેઓનં પંચમા રહેવા સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલ અને તેઓની હાજરીમાં પોલીસે હાજર ઇસમનું નામ પુછતા જાવેદઅલી વસીરઅલી સૈયદ હોવાનુ જણાવેલ અને પોતે કંઇક બતાવવા માંગતો હોય તે અંગે પુછતા તેઓ પંચો રૂબરૂ જણાવેલ કે ગઇ હોળાના બે ત્રણ દીવસ અગાઉ આશરે સવા બે માસ ઉપર જાલોદથી રીજવાન ગફુરભાઇ મલેકની સાથે બાલાશીનોર રોડ ઉપર બાલાશીનોરથી સાતેક કી.મી. પહેલા તમાકુના ગોડાઉન નજીક ખેતરમાં જવાના રસ્તે ગરનાળા પાસે એક જે.સી.બી. મશીન એલ.એન.ટી. કપંનીનુ જેનો નં.જી.જે.૧ ૮ એચ.૭૭૧૮ નું રાખેલ ત્યાં આવેલા જે.સી.બી.ની ડીઝલ ટાંકીમાં ડીઝલ ભરેલ હોય જે તેઓએ ઇન્ડીકા કારમાં કેરબામાં આ રીઝવાન મલેક લઇ આવેલ અને જે.સી.બી. મશીન ઝાલોદ મુકામે લઇ ગયેલ તેવુ જણાવતા તેનુ પ્રાથમિક પંચનામુ તા. ૮/૫/૨૦૧૦ ના પો.સ્ટે. મા

કરેલ ત્યારબાદ તેઓ તથા પોલીસના માણસો અને આરોપી સરકારી વાહનમાં બેસી પો.સ્ટે. થી બાલાશીનોર આવેલા અને બોરીડુગરી પાટીયાથી આગળ આવતા રોડની ડાબી બાજુ ઘરનાળુ આવતા આરોપીએ સરકારી વાહન ઉભુ રખાવી જે.સી.બી. જયા પડેલ ત્યાં લઇ ગયેલ. જેનુ ચર્તુદીશા સહીતનુ વિગતવારનુ પંચનામુ તેઓએ પંચોની હાજરીમાં તા. ૮/૫/૧૦ કલાક ૮:૦૦ થી ૮:૪૫ દરમ્યાનનું તેઓ પંચોના લખાવ્યા મુજબ લખી લઇ વાંચી સમજી સહી કરેલ છે.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામામાં તેઓએ માત્ર સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કંઇ જાણતો નથી.

**૧૨.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૬૭ થી પંચ તરીકે ગુણવંતભાઇ રામાભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, આશરે ૧૪ વર્ષ પહેલા અડાલજ પોલીસે તેઓને અડાલજ પો.સ્ટે. બોલાવેલ. ત્યાં જેસીબી રાખેલ તે જગ્યાના નુ પંચનામામાં પંચ નં.૨ તરીકે સહી કરેલી. તે સિવાય પંચનામા વિશે તેઓને કોઇ જાત માહીતી નથી કે પંચનામુ તેઓએ લખાવેલ નથી. તેઓની હાજરીમાં કોઇ ઇસમે જેસીબી કયાંય રાખેલ હોય તેવુ જણાયેલ હોય તેવુ બનેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્રારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે," અડાલજ પો.સ્ટે. ના કામે ઇ.પી.કો.

કલમ ૩૯૨,૧૧૪ ના કામે પોલીસે પકડેલ આરોપી પોતાની રાજીખુશીથી કંઇક કહેવા માંગતો હોય તેઓનં પંચમા રહેવા સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલ અને તેઓની હાજરીમાં પોલીસ ે હાજર ઇસમનું નામ પુછતા જાવેદઅલી વસીરઅલી સૈયદ હોવાનુ જણાવેલ અને પોતે કંઇક બતાવવા માંગતો હોય તે અંગે પુછતા તેઓ પંચો રૂબરૂ જણાવેલ કે ગઇ હોળીના બે ત્રણ દીવસ અગાઉ આશરે સવા બે માસ ઉપર જાલોદથી રીજવાન ગફુરભાઇ મલેકની સાથે બાલાશીનોર રોડ ઉપર બાલાશીનોરથી સાતેક કી.મી. પહેલા તમાકુના ગોડાઉન નજીક ખેતરમાં જવાના રસ્તે ગરનાળા પાસે એક જે.સી.બી. મશીન એલ.એન.ટી. કપંનીનુ જેનો નં.જી.જે.૧ ૮ એચ.૭૭૧૮ નું રાખેલ ત્યાં આવેલા જે.સી.બી.ની ડીઝલ ટાંકીમાં ડીઝલ ભરેલ હોય જે તેઓએ ઇન્ડીકા કારમાં કેરબામાં આ રીઝવાન મલેક લઇ આવેલ અને જે.સી.બી. ફતેપુરા રોડ કોન્ટ્રાકટમાં મુકવાનુ કહી મજુરી આપવાનુ જણાવેલ જે જગ્યાએથી જેસીબી મશીન ઝાલોદ મુકામે લઇ ગયેલ તેવુ જણાવતા તેનુ પ્રાથમિક પંચનામુ તા. ૮/૫/૨૦૧૦ ના પો.સ્ટે. મા કરેલ ત્યારબાદ તેઓ તથા પોલીસના માણસો અને આરોપી સરકારી વાહનમાં બેસી પો.સ્ટે. થી બાલાશીનોર આવેલા અને બોરીડુગરી પાટીયાથી આગળ આવતા રોડની ડાબી બાજુ ઘરનાળુ આવતા આરોપીએ સરકારી વાહન ઉભુ રખાવી જે.સી.બી. જયા પડેલ ત્યાં લઇ ગયેલ. જેનુ ચર્તુદીશા સહીતનુ વિગતવારનુ પંચનામુ તેઓએ પંચોની હાજરીમાં તા. ૮/૫/૧૦ કલાક ૮:૦૦ થી ૮:૪૫ દરમ્યાનનું તેઓ પંચોના લખાવ્યા મુજબ લખી લઇ વાંચી સમજી સહી કરેલ છે.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામામાં તેઓએ માત્ર સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કંઇ જાણતો નથી.

૧૩. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૬૯ થી સાહેદ તરીકે રમેશભાઇ પરસોતમભાઇ વાઘેલાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ ઝુપડાઓની સામે રામજી વણઝારા તેમનુ જેસીબી મશીન મુકતા હતા તે મશીન તેઓને બાંધીને કોઇ લુટી ગયેલુ કોણે, કેવી રીતે આ મશીન લઇ ગયેલ તે વિષે તેઓ કંઇ જાણતો નથી. રામાજીને બાંધી ને કોઇ ઇસમો લુટ કરી ગયા હોય તે ઇસમને તેઓ રાત્રે જોયેલ હોય તેવુ કાં ઇ બનેલ નથી. તેઓને આ અંગે કોઇ જાણકારી નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ સાહેદની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે," સાહેદને તેમનો તા. ૨૪/૨/૧૦ નું નિવેદન વાંચી સંભળાવવામાં આવે છે. અને તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ અને એવુ બનેલ કે સદર નીવેદનની વિગતે તેઓ તા. ૨૩/૨/૧૦ ના રોજ રાત્રીના નવેક વાગે ઘરે આવેલ અને જમીને તેઓની પત્ની તથા દિકરા સાથે ઓરડીમાં સુઇ ગયેલ. રાત્રીના આશરે સાડા અગીયાર વાગે તેઓની ઓરડી સામે આવેલ ખુલ્લી જગ્યામા રામજી વણઝારા તેમનુ જેસીબી મશીન મુકતા હતા આ મશીન ચાલુ થવાનો અવાજ સંભળાતા તેઓ ઓરડીનો દરવાજો ખોલીને જોયુ કે જેસીબી મશીન ઉપર એક માણસ બેઠો હતો અને તેણે તે મશીન ચાલુ કરેલુ. તેઓએ તેને પુછતા તેણે કહેલ કે શેઠનો માણસ છે. તેમ કહી જેસીબી મશીન લઇને નીકળી ગયેલો. ત્યારબાદ તેઓ ઘરમાં જઇ ઉઘી ગયેલી બીજા દિવસે તેઓ નોકરી પર ગયેલો ત્યારે પોલીસ દાદા

ભગવાનના મંદીરે આવેલી અને તેઓને પુછપરછ કરતા તેઓ ઉપરોકત વાત તેમને કહેલી. અને પોલીસે આ મશીન કોઇક લઇ ગયેલ છે. તેમ જણાવેલ ત્યારબાદ બપોરે ઘરે ગયો ત્યારે તેઓની પત્ની અમીબેને તેઓને જણાવેલ કે આપણી સામેની ઓરડીમાં રહેતા રામની વણઝારા કે જે જેસીબી મશીન ડ્રાઇવર છે તે સવારે સાતેક વાગે ભાભી ભાભી એમ બુમો પાડતો આવેલ અને તેઓએ દરવાજો ખોલી જોયુ તો તેના હાથ પાછળની બાજુએ પગ સાથે દોરડાથી બાં ધેલા જણાતા હતા. તેણે જણાવેલ કે રાત્રે ઓરડીમાં સુઇ ગયેલ ત્યારે આશરે દોઢેક વાગે ત્રણ માણસો આવેલ અને તેઓને સુતો દબાવી દઇ તેઓના હાથે પગે દોરડીથી બાંધી મારામોઢા ઉપર ડુચો મારી જતા રહેલા. તે દરમ્યાન તેઓએ જેસીબીનો ચાલુ થવાનો અવાજ સાંભળેલો તેમ કહી તેઓ દોરડા છોડવા જણાવતા ઘરમાંથી ચપ્પુ લાવી દોરડા કાપી તેણે છોડાવેલો. ત્યારપછી આ છોકરો તેઓના શેઠને જાણ કરી આવુ તેમ કહી ગયેલો. તેવી વાત કરતા, રાત્રીના કોઇ અજાણ્યા ઇસમે આ રામાજીના જેસીબીના ડ્રાઇવરને ઓરડીમાં સુતો દબાવી હાથેપગે દોરડાથી બાંધી જેસીબી લઇ ગયેલાનુ જણાવેલ જેસીબી પર જે માણસ બેઠો હતો તેણે તેઓને અગાઉ કયારેય જોયેલ ન હતો આવી હકીકત તેઓએ તેઓના નિવેદનમા લખાવેલી.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ બનાવ અંગે કંઇ જાણતો નથી કે બનાવ નજરે જોયેલ નથી.

**૧૪.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૭૦ થી સાહેદ તરીકે અમીબેન રમેશભાઇ પરસોતમભાઇ વાઘેલાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, સને ૨૦૧૦ની સાલમાં તેઓ તેઓના પતિ અને બાળકો સાથે અડાલજ ત્રિમંદીર પાસે છાપરામાં રહેતી હતી ત્યારે તેઓના ઘરની સામે એક રામાજી નામનો છોકરો

જેસીબી મુકતો હતો અને તે છોકરો એક દિવસ સવારે સાત વાગે ભાભી ભાભીની બુમો પાડતો આવેલ અને તેઓએ ઓરડીનો દરવાજો ખોલી જોતા બુમો પાડતો છોકરો રામાજી વણજારા હતો તેના હાથ પાછળની સાઇડે પગ સાથે દોરડાથી બાંધેલા હતા તેઓએ જોયુ તો તે ઘસડાતો ઘસડાતો આવેલ હતો તેથી તેઓએ તેને દોરડામાંથી ખોલેલો તેને પુછતા જણાવેલ કે તે રાત્રીના સુઇ ગયેલ ત્યારે ત્રણ ઇસમો આવેલા અને તેની દોરડાથી બાંધી મોઢે ડુચો મારી તેનુ જેસીબી ચાલુ કરી લઇ ગયેલાની વાત તેઓને તેણે કરેલી તેઓએ બીજા કોઇ માણસોને જોયેલા નહી કે જેસીબી ચાલુ થવાનો અવાજ રાત્રે તેઓએ તેઓના ઘરે સુતી હોવાથી સાંભળેલ નથી. બીજુ કાઇ તેઓ જાણતી નથી.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ બનાવ અંગે કંઇ જાણતી નથી કે બનાવ નજરે જોયેલ નથી. તેઓને તે છોકરાએ કીધુ એટલે તેઓને ખબર પડેલી.

**૧૫.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૭૧ થી સાહેદ તરીકે કૈલાશજી ટીકુજીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, સને ૨૦૧૦ ની સાલમાં તેઓ ચા નાસ્તાનો ગલ્લો ત્રિમંદીરની સામે આવેલ છે ત્યા તેઓના છાપરાના પાછળના ભાગે રામાજી વણઝારા નામનો એક છોકરો જેસીબી મુકતો હતો તે રામાજી સવારે લગભગ સાત આડ વાગે ચા પાણી કરવા માટે આવતો હતો તે તેઓની પાસ ે આવેલ અને તેઓને કહેલ કે શેઠને ફોન કરવો છે પરંતુ તે સમયે તેઓના વિસ્તારમાં લાઇટ ન હોવાથી ટેલીફોન ચાર્જ ન હતો તેથી તેઓ ગલ્લા ઉપરથી પૈસા નાખીને ફોન મંગાવેલો આ

રામાજીએ તેના શેઠને ફોન કરી જણાવેલ કે જેસીબી મશીન ત્રણ ચાર ઇસમો આવી ઓરડીમાં તેને મો દબાવી દોરડાથી હાથ પગ બાંધી મશીન ચાલુ કરી લઇ ગયેલાની હકીકત જણાવેલી અને તેણે તેઓને રાત્રીના દોઢેક વાગે બનાવ બનેલ તેવી વાત કરેલી તેઓએ રાત્રે દોઢ વાગે તેઓના છાપરામાંથી જેસીબીને રોડ ઉપર ચડવાનો અવાજ સાંભળેલો અને તેથી તેઓએ બહાર નીકળીને જોયેલ અને પાછો છાપરામા જઇ સુઇ ગયેલો આ જેસીબી અડાલજ તરફ રોગસાઇડે જતા જોયેલો તેનો ડ્રાઇવર કેવો હતો અને કોણ હતો તે જોયેલ નહી ત્યારબાદ બનાવની જાણ જેસીબી ડ્રાઇવર તેઓની ચાની કીટલીએ ફોન કરવા આવેલ ત્યારે થયેલી.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ બનાવ અંગે કંઇ જાણતી નથી કે બનાવ નજરે જોયેલ નથી. તેઓને તે છોકરાએ જાણ કરી તેથી તેઓને ખબર પડેલી.

૧૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૭૫ થી પંચ તરીકે સલીમભાઇ કાળુભાઇ ટીમીવાળાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તા.૧૧/૩/૧૦ ના રોજ પોલીસે તેઓ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં બોલાવી તૈયાર પં ચનામામાં સહી લીધેલી પંચનામાની વિગત તેઓએ કંઇ જાણતો નથી. તેઓની રૂબરૂમા પોલીસ ે કોઇ જેસીબી મશીન જેનો નં. જી.જે.૧૮ એ.એચ.૭૭૧૮ નુ કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. પંચનામુ બતાવવામાં આવે છે. તેમા પંચ ૨ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખે છે. આ સિવાય તેઓ બીજુ કંઇ જાણતો નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન

પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે,"સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવે છે. અને તેઓ પંચોએ પોલીસ રૂબરૂના પંચ નામામા એવુ લખાવેલ અને એવુ બનેલ કે સદર પંચનામાની વિગત તા. ૧૧/૩/૧૦ ના કલાક ૨૦/૦૦ વાગે પોલીસે તેઓને પંચ તરીકે રાજસ્થાન બાસવાડામાં દાહોદ કોમર્શીયલ કોલોનીમાં પ્લોટ નં.૨૨૭ ની સામે બોલાવેલ અને લુટમા ગયેલ જેસીબી કબજે લેવાનુ હોય પોલીસે પંચમા રહેવા સમજ કરેલી. અને પોલીસે તેઓની હાજરીમાં પ્લોટ નં.૨૨૭ ની સામે રોડની સાઇડમા ખુલ્લા પડતર પ્લોટમાં એક જેસીબી મશીન પીળા કલરનુ પડેલ હતુ જે જેસીબી નો એન્જીન ૦૦૧૯૩ તથા ચેચીસ નં.૦૦૫૯૩ નો લખેલ હતો જે ત્યા હાજર સાહેદ રામાજી રાજાજી વણઝારા નાઓ ઓળખી બતાવતા હોય અને તે મશીન પોતાના ત્યાંથી લુંટ થયેલ હોવાનુ જણાવેલ જે પોલીસે પંચનામાની વિગતે પંચનામુ કરી કબજે લીધેલુ પોલીસે તેઓની હાજરીમાં જેસીબી મશીન કબજે લીધેલ હોવા છતા તેની સદંતર ઇન્કાર કરેલ છે.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર લખાણ રાખેલ અને તેઓએ તેમા સહી કરેલ તે સિવાય બીજી માહીતી નથી.

૧૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૭૬ થી પંચ તરીકે અબ્દુલ મજીદ અબ્દુલ કરીમનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૬/૦૪/૨૦૧૦ ના રોજ પોલીસે ઝાલોદ ખાતે તૈયાર પંચનામામા તેઓની સહી લીધેલી. પં

ચનામાની વિગતે તેઓ કંઇ જાણતો નથી. તેઓની રૂબરૂમાં પોલીસે કોઇ ટાટા સ્પેસીયો જીપ કોઇ ઇસમ પાસેથી કબજે લીધેલ હોય તેવુ બનેલ તેઓ અલદાદખાન ઇનાયતખાન પઠાણને ઓળખે છે. તેની પાસેથી પોલીસે કોઇ જીપ કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેઓને પંચનામુ બતાવવામાં આવે છે. જેમા પંચ–૨ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખે છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો નો ઇન્કાર કરતા જણાવેલ છે કે, સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવે છે. અને તેઓ પંચોએ પોલીસ રૂબરૂ ના પંચનામામા એવુ લખાવેલ અને એવુ બનેલ કે સદર પંચનામાની વિગત તા.૬/૪/૧૦ ના કલાક ૧૩/૦૦ વાગે પોલીસે તેઓને પંચ તરીકે ઝાલોદ ફતેપુરા રોડ પર આવેલી ટીબા ફળીયામાં આરોપી અખ્તરખાન ઇમાયતખાન પઠાણના ઘર આગળ પંચ તરીકે બોલાવેલ અને ગુનાના કામમાં સંડોવાયેલ વાહનને કબજે લેવાનુ હોય, પંચમાં રહેવા સમજ કરેલી. અને આરોપી અખ્તરખાન ઇમાયતખાન પઠાણના ઘર આગળ એક ઇસમ હાજર હોય, તેનુ નામઠામ પુછતા ઇન્દાદખાન ઇમાયતખાન પઠાણનુ જણાવેલુ અને પોતાની ઓળખ અખ્તરખાનના મોટાભાઇ હોવાનુ જણાવેલુ. અને તેણે એક ટાટા સ્પેસીયો જીપ જેનો રજી. નં.૧૨/પી, ૭૧૫૬ નો હતો જે વાહન પોલીસ સમક્ષ રજુ કરતા પંચનામાની વિગતે પંચનામુ કરી, તપાસ અર્થે કબજે લીધેલ. અને પોલીસે તેઓની હાજરીમાં સ્પેસીયો જીપ કબજે લીધેલ હોવા છતા તેની સદંતર ઇન્કારી કરેલ છે.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા પંચની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર લખાણ રાખેલ અને તેઓએ તેમા સહી કરેલ તે સિવાય બીજી માહીતી નથી.

**૧૮.** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૯૭ થી સાહેદ તરીકે રમેશભાઇ ઇશ્વરભાઇ રાઠોડનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૧૦માં તેઓ અડાલજ પો.સ્ટેમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓની સમક્ષ ફરીયાદી અમજીતભાઇ હિરાભાઇ આવેલા અને તેઓએ તેઓ સમક્ષ જાહેર કરેલી ફરીયાદ હકીકત તેઓએ ફરીયાદ લખી લઇ નોંધી લીધેલી અને તે ફરીયાદને તેઓએ પી.એસ.ઓ શ્રીને ગુનો રજીસ્ટર કરવા સારૂ આપેલી જે.પી.એસ.ઓ શ્રીએ ગુનો રજીસ્ટર કરી સુચિપત્ર દવારા ડેપ્યુટ હુકમ કરી તેઓ તરફ વધુ તપાસ માટે મોકલી આપેલી. તેઓને સુચિપત્ર દવારા ડેપ્યુટ હુકમ કરી આપેલ તે અસલ હુકમ આ સાથે રજુ છે ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદીના લખાવ્યા મુજબ તેઓએ લખી લીધેલી જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના ચાર્જશીટમાં દર્શાવેલ સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા તેઓએ તપાસના કામે ગત તા. ૨૪/૧૦/૧૦ ના રોજ આરોપીઓ દવારા ગુનામાં વપરાયેલ કપડુ તથા દોરડી કબજે લીધેલુ તે અંગેનુ પંચનામુ તે વસ્તુ કબજે લઇ તેઓએ કરેલુ તેઓને પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચોની તથા તેઓની રૂબરૂપણામાં સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. કબજે લીધેલ મુદામાલને તેઓની સમક્ષ રજુ કરવામાં આવે તો તેઓ ઓળખી શકે આરોપી પક્ષે ઓળખની તકરાર નથી તેથી મંગાવવામાં આવતો નથી ગત તા. ૧૧/૦૩/૨૦૧૦ ના રોજ

તેઓએ પંચો રૂબરૂ જેસીબી મશીન રિકવર કરેલુ અને તે પંચોના લખાવ્યા મુજબનુ લખી લીધેલુ જેનુ વિગતવારનુ વર્ણન પંચનામામા જણાવ્યુ છે. ત્યારબાદ તપાસના કામે તેઓ તા. ૧૩/૧૦/૧૦ ના રોજ આરોપી રિઝવાન ગફુરભાઇ મલેક તથા મહેશ ધનાભાઇ ગરાસાયીનાઓને પકડી લાવી તેઓને પુછપરછ કરતા તેઓ ગુના અંગે કઇક બતાવવા માંગતા હોઇ તે અંગેનુ વિગતવારનુ વર્ણન તેઓએ તેઓના લખાવ્યા મુજબનુ પંચોની રૂબરૂ પંચોની હાજરીમાં લખી લીધેલુ જેમા પણ તેઓની રૂબરૂપણામાં સહી છે. ત્યારબાદ ગત તા. ૦૮/૦૫/૧૦ ના રોજ આરોપી જાવેદઅલી ઉર્ફે જાવલી બસીરઅલી સૈયદનાઓને પકડેલ અને ત્યારબાદ પંચોની હાજરીમા તે પોતે ગુના અંગે કશુ કઇ બતાવવા માંગતો હોઇ પંચોની હાજરીમાં તેને બતાવેલ જગ્યા તથા ગુનાની હકીકત કઇ રીતે તેઓએ ગુનો આચર્યો તે અંગેનુ વિગતવારનુ વર્ણન પંચનામા લખી લીધેલુ જેમા પંચોની તથા તેઓની રૂબરૂપણામાં સહી છે. જે તેઓની સહી ઓળખી બતાવે છે. તપાસના કામે તેઓએ ગુનામા સામેલ ટાટા કાર (જીપ) કબજે લીધેલી જે પંચોની હાજરીમાં વિગતવારનુ વર્ણન લખી લઇ તેઓએ લખી લીધેલી તે તેઓ આંક–૭૭ વાળા પંચનામુ બતાવવામાં આવે છે. જેમા પંચોની તથા તેઓની રૂબરૂપણામા સહી છે જે તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. તપાસના કામે તેઓએ તા.૦૪/૦૪/૧૦ ના રોજ આરોપી ઇસાકભાઇ ઉર્ફે ડાંટ રસુલભાઇ વુડાલા તેઓ તથા પંચો રૂબરૂ એક સફેદ કલરની કાર રજુ કરતા હોઇ તે કાર અંગેનુ વિગતવારનુ વર્ણન તેઓએ પંચનામા લખી લીધેલુ અને પંચોની હાજરીમાં વિગતવારનુ વર્ણન લખી કબજે લીધેલુ અને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચોની તથા તેઓની રૂબરૂપણામાં સહી છે. જે તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. તેઓએ તપાસના કામે ગુનામા જે જેસીી મશીનનો ઉપયોગ થયેલો તેની આરસી બુક ની ઝેરોક્ષ મેળવેલી જેમા આ વાહનનો નંબર જી.જે.૧૮ એચ ૭૭૧૮ છે અને જેના

માલીક વણઝારા રામાજી રાજાજી છે તે દસ્તાવેજ તપાસના કામે મેળવેલા.

ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ ગુનાની તપાસ તેઓએ જાતે કરેલી. એ વાત અસ્વીકારેલ છે કે, આં ક–૨૩ વાળા પંચનામામા પંચો રૂબરૂ સ્થળ ઉપર કોઇ લખાણ કરેલ નથી. અને તૈયાર લખાણમાં ફરીયાદી અને પંચોની સહીઓ લેવામાં આવેલ છે. અને જેસીબી કબજે લીધેલાનુ પંચનામુ છે તેમા કોઇ કબજા કાર્યવાહી કરવામાં આવેલી નથી અને તૈયાર પંચનામામા માત્ર પંચોની પો.સ્ટે એ માત્ર સહીઓ લેવામાં આવેલી છે. અને જેસીબી તેઓએ આંક–૨૫ વાળા પંચનામાની વિગતે પંચો રૂબરૂ મહેશભાઇ ધનાભાઇ પાસેથી કબજે કરેલ નથી. અને આંક–૨૬ વાળુ પંચનામુ પણ તેઓએ જાતે તૈયાર લખાણ લખી લઇ તેમા પંચોની માત્ર સહી લેવામાં આવેલ છે. અને આંક–૭૭ વાળુ પંચનામુ પણ તેઓએ જે જીપ કબજે કરેલી તે ઇસાન હુડાની માલીકીની જીપ હોવા છતા તેને ચોરીમાં વપરાયેલ હોવાનુ જાહેર કરી ખોટી રીતે કબજે કરેલ છે. એ વાત સ્વીકારેલ છે કે, જેસીબી ચોરી થયા બાદ ગુનામા વપરાયુ તે ઇસાક રસુલ મહેશ ધના અને જાવેદે આ કામ કરેલ હોય તેવુ નજરે કોઇએ જોયેલ નથી. અને તેઓની કોઇ તપાસમાં એવા કોઇ પુરાવા મળી આવેલ નહી કે આ જેસીબી આ કહેવાતા આરોપીઓ દવારા વેચાણ કરવામાં આવેલ હોઇ કે આપવામાં આવેલ હોઇ.

**૧૯.** આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો, વિ.એ.પી.પી.ની દલીલો તથા આરોપીઓના વિધ્વાન વકીલશ્રીની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ તથા આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરે છે કે કેમ? તે લક્ષમાં લઈ દરેક પુરાવાને આક્ષેપીત કલમ સાથે જોવામા અને મુલવવામા આવે તો,

આ કામે કલમ ૩૯૨ નો આક્ષેપ છે તે કલમ ને અહી માનસહ વંચાણે લેતા.

**<u>ઇ.પી.કો.કલમ–૩૯૨ લુંટ માટે સજાઃ–</u>**

કોઇ પણ વ્યકિત લૂંટ કરે તેને દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે. અને એ લુંટ રાજમાર્ગ પર સુર્યાસ્ત તથા સુર્યોદય વચ્ચે કરવામાં આવે તો ચૌદ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે.

**<u>તત્વોઃ–</u>**

**૧.** આરોપીએ ચોરી કરી,

**૨.** આરોપીએ મૃત્યુ, ઇજા અથવા સદોષ અવરોધ, સ્વેચ્છાપુર્વક કર્યા અથવા તેવી કોશિશ કરી અથવા તત્કાળ મૃત્યુ, ઇજા અથવા સદોષ અવરોધનો ભય ઉભો કર્યોઘ

**૩.** આવું કૃત્ય આરોપીએ ચોરી કરવા સમયે અથવા ચોરી કરવા માટે અથવા ચોરીમાં પ્રાપ્ત કરેલી મિલકત લઇ જવા માટે અથવા લઇ જવાની કોશીશ કરવા સમયે કર્યુ હતું.

**૧૯.૧** આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાથી કલમ ના તત્વો સંતોષય છે કે કેમ ? તે ક્રમાનુસાર જોવામા આવે તો ,

**તત્વ ૧ આરોપીએ ચોરી કરી**

આ કામે ફરીયાદીની જુબાનીને આ અનુસંધાનમા જોવામા આવે તો , તેની જુબાની મુજબ "ચાર પાંચ વ્યકિતઓ તેઓની ઓરડી ઉપર આવેલા. આ લોકોએ તેઓના મોઢામાં ડુચો નાખી હાથ પગ બાંધી દીધેલા તેઓને એક બેને હાથ પગ છોડયા હતા. ત્યાર બાદ તેઓએ જોયેલ કે તેઓનુ જે.સી.બી. એ લોકો લઇ ગયેલા".તથા જે.સી.બી મશીન જે લઈ ગયા તે વ્યકતીને તેમણે જોયેલ ના હતા એવી હકીકતો સરતપાસમા જણાવેલ છે અને ઉલટતપાસમા સ્વીકારેલ છેકે, તેઓએ ચોરોને જોયેલ નથી કે જે વ્યકતી જે.સી.બી ચલાવીને ગયેલ તેને જોયેલ નથી. આમ એ રીતે ચોરી આજ કહેવાતા આક્ષેપીત આરોપીઓ દ્રારા કરવામા આવેલ હોય તેવુ રેકર્ડ પર મળી આવતુ નથી. વધુમા આ ફરીયાદીની પરુવણી ચાર્જશીટમા લેવાયેલ જુબાનીમા જોવામા આવે તો તેમા પણ ઉલટતપાસમા આ ફરીયાદીએ સ્વીકારેલ છેકે "ફરીયાદ આપેલી તે બાબતે પોલીસ સ્ટેશને બોલાવેલા અને ફરીયાદ આપેલી અને ફરીયાદમાં કોઇ ઇસમનુ નામ તેઓના શેઠે લખાવેલ નહી. અને કયા ઇસમે તેઓના હાથ બાંધી દીધેલા તે તેઓને ખબર નથી. અને કયા બેને તેઓના હાથ છોડાયેલા તેને પણ તેઓ ઓળખતો નથી. અને તેઓના શેઠ

તેઓની સાથે આવેલા અને જેમ પુછયુ તેમ ફરીયાદમાં લખાવેલ અને ફરીયાદ આપ્યા સિવાય બીજુ કંઇ જાણતો નથી અને પોલીસે બોલાવેલા નથી. " આમ તેઓ ફરીયાદને અનુરુપ કોઈ પણ હકીકતો જણાવતા નથી.

આ કામે ચકાસાયેલ અન્ય સાહેદો એટલે કે પંચો હોસ્ટાઈલ હોય, તે રીતે પણ આ આરોપીઓના કબ્જામાથી જ સદર જે.સી.બી કબ્જે થયાનુ પુરવાર થતુ નથી.આ કામે ચકાસાયેલ અન્ય સાહેદ તે કૈલાશજી ટીકુજી તથા અમીબેન વાઘેલા તથા સાહેદ રમેશભાઈની જુબાનીમા પણ આ બનાવ અંગે તેઓ કઈ જાણતા નહી હોવાનુ તથા બનાવ નજરે જોયેલ નહી હોવાનુ જણાવેલ છે. આ કામે તપાસ કરનાર અધીકારી દ્રારા અપાયેલ મૌખીક જુબાનીમા તેઓએ સ્વીકારેલ છેકે," જેસીબી ચોરી થયા બાદ ગુનામા વપરાયુ તે ઇસાક રસુલ મહેશ ધના અને જાવેદે આ કામ કરેલ હોય તેવુ નજરે કોઇએ જોયેલ નથી. અને તેઓની કોઇ તપાસમાં એવા કોઇ પુરાવા મળી આવેલ નહી કે આ જેસીબી આ કહેવાતા આરોપીઓ દવારા વેચાણ કરવામાં આવેલ હોઇ કે આપવામાં આવેલ હોય". આમ એ રીતે એકપણ સાહેદની જુબાનીમા આ કહેવાતા ઈસમો એ જ ચોરી કરેલ હોય, તેવુ નીકળી આવતુ નથી.

આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતનુ બટટા શેખડા નાયડુ વી. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશનો ચુકાદો માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર અદાલતે ઠરાવેલ કે, આ કામે બનાવ બનેલ હતો તેટલીજ હકીકત ફલીત થાય છે. મહત્વનો પુરાવો કે જે આરોપીની ઓળખ કરી શકે તે ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નહી, આથી આ કેસમા નામદાર અદાલતે આરોપીને દોષીત ઠરાવતો ચુકાદો ફેરવી આરોપીઓની નીર્દોષ મુકતી કરેલ હતી. આ ચુકાદાની કેસ હકીકતો હાથ પરના કેસમા બંધબેસતી હોય, આ કેસમા પણ બનાવ બનેલ છે તેવુ પુરવાર થાય છે પરંતુ કહેવાતી ચોરી આ કહેવાતા આરોપીઓ દ્રારાજ કરાયેલ છે તે સુપેરે પુરવાર થતુ ના હોય, આ કામે આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.

**૧૯.૨** વધુમા જોવામા આવે તો આ કામે ફરીયાદીએ પોતાની જુબાનીમા ચાર પાચ વ્યકતીઓ આવેલાની હકીકત જણાવેલી છે. જયારે ફરીયાદમા ત્રણ વ્યકતી ઓ હોવાનુ જણાવેલ છે. આ કામે ચકાસાયેલ સાહેદ કૈલાશજીએ આ ફરીયાદી દ્રારા ત્રણ ચાર ઈસમો હોવાની હકીકત ની જાણ કરવામા આવેલ હોવાની વીગતો જણાવેલી છે. જયારે અમીબેન એ આ ફરીયાદીએ ત્રણ ઈસમો હોવાની જાણ

કરેલાનુ જણાવેલ છે. આમ ખરી હકીકતે કેટલા લોકો દ્રારા આ ચોરી કરવામા આવેલ તે પણ ચોકકસ વીગતો મૌખીક પુરાવા આધારે જણાય આવતી નથી.

વધુમા આવેલ વીરોધાભાસ જોવામા આવે તો આ કામે ફરીયાદીએ તેમના હાથ પણ એક બેન એ છોડેલ હોવાનુ જણાવેલ છે જયારે સાહેદ અમીબેન આ ફરીયાદી તેમના તયા ઘસડાતા ઘડસાતા આવી તેમની પાસે આવતા તેમણે હાથ પણ ખોલેલાની હકીકત જણાવેલી છે.જયારે પુરવણી ચાર્જશીટમા લીધેલ મૌખીક પુરાવામા જણાવેલ છેકે ,કયા બેને તેઓના હાથ છોડાયેલા તેને પણ તેઓ ઓળખતો નથી" આમ જયા સાહેદ અમીબેન આ કામ ના ફરીયાદી તેમની સામેના છાપરામા રહેતા હોવાનુ જણાવતા હોવા છતા ફરીયાદીઆ બહેન ને નહી ઓળખતા હોવાનુ જાહેર કરતા હોય, તયારે તે રીતે સાહેદોની જુબાની શંકાના દાયરામા આવી જાય છે.

આમ અહી કલમ નુ પ્રથમ તત્વ સંતોષતુ નથી અને કહેવાતા આરોપીઓની ચોરીમા ભુમીકા જણાય આવતી નથી.

**૧૯.૩** આ કામે કલમ નુ બીજુ અને ત્રીજુ તત્વ જોવામા આવે તો,

**૨. આરોપીએ મૃત્યુ, ઈજા અથવા સદોષ અવરોધ, સ્વેચ્છાપુર્વક કર્યા અથવા તેવી કોશિશ કરી અથવા તત્કાળ મૃત્યુ, ઈજા અથવા સદોષ અવરોધનો ભય ઉભો કર્યોઘ**

**૩. આવું કૃત્ય આરોપીએ ચોરી કરવા સમયે અથવા ચોરી કરવા માટે અથવા ચોરીમાં પ્રાપ્ત કરેલી મિલકત લઇ જવા માટે અથવા લઇ જવાની કોશીશ કરવા સમયે કર્યું હતું.**

આ કામે આ લુંટનો મુજબ બનાવ બનેલ હોવાનુ સાબીત થાય છે પરંતુ ઉપર આગળ ચર્ચા કરી તે મુજબ આ આરોપીઓ દ્રારાજ આ ગુનો કરવામા આવેલ હોવાનુ સાબીત થતુ ના હોય, આ કામના આરોપીઓ દ્રારા આ તત્વ મુજબનુ કૃત્ય કરવામા આવેલ હોય, તેવુ પણ જણાય આવતુ નથી. આ કામે ફરીયાદીના હાથપગ બાંધી દેવામા આવેલ તથા તેને અન્ય વયકતી દ્રારા છોડવામા આવેલ હોવાનુ રેકર્ડ પર ફલીત થાય છે. પરંતુ આ કામના આરોપીઓને ફરીયાદી ઓળખતા નહી હોવાનુ તથા કયા ઈસમે તેમના હાથ પગ બાંધેલ તે નહી જાણતા હોવાનુ જાહેર કરેલ હોય, આ કૃત્ય આ આરોપીઓએજ કરેલ છે તેવુ ફરીયાદી તથા અન્ય સાહેદોના અપુરતા પુરાવા ના અભાવે સાબીત થતુ નથી.

ચોકકસપણે ચોરી, લુંટ જેવા ગુનાઓમા આરોપી તથા ભોગ બનનાર તથા નજરે જોનાર સાહેદો એક બીજાને ઓળખતા ના હોય, તયારે જે કઈ મહત્વનો છે તે આરોપીની

ઓળખ અંગેનો પુરાવો છે. આ કામે આરોપીની કોઈ ઓળખ પરેડ તપાસ કરનાર અધીકારી દ્રારા કરાવવામા આવેલ નથી. જે.સી.બી કબ્જે કરવામા આવેલ છે તે પંચ સાહેદ અબ્દુલ ગનીભાઈનાઓએ આ જે.સી.બી સાથે અન્ય કોઈ આરોપી હતા નહી તેવુ સ્વીકારેલ છે.આમ એ રીતે પણ આ જે.સી.બી. કહેવાતા ઈસમોના કબ્જામાથી મળી આવેલ નથી.વધુમા આ જે.સી. બી જયાથી મળી આવેલ છે તયા બીનવારસી હાલતમા મળી આવેલ હોય, અન્ય કોઈ સાહેદોનો પુરાવો ના હોય, આ કહેવાતા ઈસમોએજ તયા મુકેલ હોવાનુ પણ સાબીત થતુ નથી.

આમ એકપણ રીતે આ જે.સી.બીની ચોરી –લુંટ આ આરોપીઓએ જ કરેલ હોય, આ લોકો જ જે.સી.બી. અન્ય જગાએ ચલાવી લઈ ગયેલ હોય, તથા આ આરોપીઓએ જ આ ચોરી થયેલ જે.સી.બી.ને અડાલજથી દાહોદ રોડ સુધી ડ્રાઈવ કરી હંકારી તયા મુકી આવેલ હોવાનુ સાબીત થતુ નથી.

**૧૯.૪** આ કામે પંચનામા મા પંચ તરીકે રહેલ તમામ સાહેદો હોસ્ટાઈલ થયેલ હોય, રજુ પંચનામુ તે આંક– ૨૩ તે ફરીયાદીને બાંધવામા લેવાયેલ દોરડી તથા કપડુ કબ્જે કરાયેલ છે તે , તથા આં ક– ૨૫ તે ગુના વાળી જગાનુ પંચનામુ તથા આંક– ૨૮ તે બાંસવાડા– દાહોદ રોડ પર જે.સી.બી. મળી આવેલ તે પંચનામુ તથા આંક–૬૬ તે જે.સી.બી ને જયાથી ચલાવી જાલોદ લઈ ગયેલ તે જે.સી.બી જયા હતુ તે જગાનુ પંચનામુ આ કામે કહેવાતી રીતે પંચોની હાજરીમા જ કરવામા આવેલ હોવાનુ સાબીત થતુ નથી.

આમ અહી રેકર્ડ પરના પુરાવા આધારે ના તો આરોપીઓની ઓળખ પ્રસ્થાપીત થાય છે નાતો આ કામે મુદામાલ ની ઓળખ પ્રસ્થાપીત થાય છે. વધુમા મુદદામાલ જે.સી.બી. મળી આવેલ છે તે આરોપીઓના પ્રત્યક્ષ કબ્જામાથી મળેલ નથી. વધુમા તપાસ કરનાર અધીકારી સ્વીકારે છેકે , આ કામે તેઓની કોઇ તપાસમાં એવા કોઇ પુરાવા મળી આવેલ નહી કે આ જેસીબી આ કહેવાતા આરોપીઓ દવારા વેચાણ કરવામાં આવેલ હોઇ કે કોઈને આપવામાં આવેલ હોય. આમ એ રીતે પણ આ કામે આરોપીઓને તકસીરવાન ઠરાવવા જેટલો પુરાવો મળી આવતો નથી.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટનો દીલીપ સાંસી વીરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત રાજય નો ચુકાદો માનસહ વંચાણે લઈએ તો, તેમા નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, " (1) Panch

witnesses have not supported the prosecution and thereby recovery from the given place is not proved. (2) There is no independent witness except complainant, who is Police Officer stating that liquor was seized from the given place during raid. (3) Presumption u/s. 116B is not proper in as much as there is no proof and evidence on record either regarding actual possession of seized liquor from the applicant or quality and quantity of liquor alleged to be seized and even there is no confirmation about the ownership of the place by the applicant, so as to connect the applicant with the place and seizure itself." આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ સ્વતંત્ર તથા પંચ સાહેદોના પુરાવાના અભાવે પોલીસ કાર્યવાહીની સત્યતા માની શકાય નહી. અહી હાથ પરના કેસમા પણ જયારે આ રીતે પંચો હોસ્ટાઈલ હોય તયારે રીકવરી તેમની રુબરુ જ કરવામા આવેલી તેવુ માની શકાય નહી. આ અદાલત તે રીતે પોલીસ કામગીરી ને તથા પુરાવાને નકારતી નથી પરંતુ તે સાહેદોના પુરાવાની સાથે પંચ દ્વારા કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી જેથી માત્ર આ સાહેદોની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતનો વાહીદ વી. સ્ટેટ ઓફ એન.સી.ટી દીલ્હી નો (2025 (3) SCC 341)ચુકાદો માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર ઉચ્ચતમ અદાલતે પારા –૧૪ નોંધેલ છેકે 14. In cases where the FIR is lodged against unknown persons, and the persons made accused are not known to the witnesses, material collected during investigation plays an important role to determine whether there is a credible case against the accused. In such type of cases, the courts have to meticulously examine the evidence regarding (a) how the investigating agency derived clue about

the involvement of the accused in the crime; (b) the manner in which the accused was arrested; and (c) the manner in which the accused was identified. Apart from above, discovery/ recovery of any looted article on the disclosure made by, or at the instance of, the accused, or from his possession, assumes importance to lend credence to the prosecution case.

આમ એ રીતે પણ તપાસ કરનાર અધીકારીની જુબાનીમા પુરતી વીગતો જણાય આવતી ના હોય, આ કામે ઉપરોકત ચુકાદામા ઠરાવયા મુજબ આ કામ ના આરોપીનીસંડોવણી એ રીતે સમર્થનકારી પુરાવાના અભાવે મળી આવતી ના હોય, આરોપીઓને તકસીરવાર ઠેરવી શકાય નહી.

**૧૯.૫** આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવાને એક સાથે જોતા આ કામે આરોપીઓની સંડોવણી મળી આવતી ના હોય, તથા તપાસ કરનાર અધીકારી આ કામે આરોપીઓની અટક તેમના સહ આરોપીના નીવેદન ના આધારે કરેલ હોવાનુ જણાય આવતુ હોય, આ કામે તે રીતે પોલીસ સમક્ષ કરેલ કબુલાતો પુરાવામા ગ્રાહય ના હોય, તથા અન્ય કોઈ સમર્થનકારી પુરાવો આ કામે રજુ ના હોય, માત્ર જે.સી.બી. ની ચોરી થયેલ હોય અને તે પંચનામા ની વીગતે મળી આવેલ હોવાથીજ આ કામના આરોપીઓએજ આ કૃત્ય કરેલ હોવાનુ માની શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા અપાયેલ ચુકાદો મહાવીરસીગ વિ. સ્ટેટ ઓફ એમ.પી.(૨૦૧૬ (૦) સુપ્રિમ (એસ.સી.) ૮૮૨ )ને માનસહ વંચાણે લઈએ તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા એવુ નોંધવામાં આવેલ છે કે, " જયારે ફરીયાદપક્ષના કેસ પરના પુરાવા પરથી બે નિર્ણયો આવી શકવાની શકયતા રહેલી હોય તેવા સમયે આરોપીને લાભ આપવો જોઈએ".

એજ રીતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા અપાયેલ ચુકાદો એસ. સુબ્બુલક્ષ્મી વિરૂઘ્ઘ કુમારસ્વામી અને બીજા( ૨૦૧૭ (૦)સુપ્રિમ (એસ.સી.) પાના નંબર–૬૨૪ )ને માનસહ વંચાણે લઈએ તો તેમા નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા નોંધવામાં આવેલ છે કે ," જયારે ફરીયાદપક્ષની સ્ટોરી કે પુરાવો આરોપીનો ગુન્હો બતાવવામાં વિશ્વાસપાત્રતા ન

ધરાવે અને રેકર્ડ પર આવેલા પુરાવા થકી શંકા ઉપજે તથા પુરાવામાં વિરોધાભાસ અને અતિરેક જોવા મળે તો તેવા પુરાવા થકી આરોપીને ગુન્હામાં જોડી દેવો તે સુરક્ષિત નથી તથા જયારે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં પોતાની ફરજ  ન નિભાવી શકે તો તેવા પુરાવાના આધારે આરોપીને સજા કરી શકાય નહી".આમ એ રીતે આ કામે ફરીયાદી પક્ષ પોતાનો કેસ નીશંક રીતે પુરવાર કરી શકેલ ના હોય, આરોપીને આ કામે તકસીરવાન ઠરાવી શકાય નહી.

૧૯.૬ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા તારીખ ૩.૭.૨૫ ના રોજ અપાયેલ આનંદ સીહ તીલક ધરસીહ રાજપુત વી. સ્ટેટ ઓફ ગુજરાતનો (ક્રીમીનલ હપીલ નંબર ૨૦૨/૨૩ ) નો ચુકાદો માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર અદાલતે નોંધેલ છે કે , 36. The complaint recorded under Section 154 of Cr.P.C. is not produced in evidence. The statement of the Investigating Officer proves that the accused were not arrested from the place of offence. Exhibit 14 is on plain piece of paper which is not in the writing of the complainant. The weapons were given by the complainant and the evidence clarifies alongwith the panchnama that the same were not produced by the accused. The FSL Report of the knife shows that it is rusted and it is a vegetable cutting knife which is easily available in the market or in the kitchen. The prosecution has failed to prove the case beyond reasonable doubt. The case itself is doubtful. The recovery of weapons is not proved.

here is no other corroborative evidence of any independent witness to support the evidence of the complainant. Since the father had not seen any weapon in the hands of the accused, the element of theft to consider as

robbery also does not get proved by any weapon being used to frighten the complainant of instant death or instant hurt or of instant wrongful restraint. The weapon as was attributed to the present appellant is a kitchen knife which was rusted, and no blood stains were found on it. The prosecution failed to even prove the attempt to commit robbery. It is not the case of the prosecution that putting the complainant under fear, he was induced to deliver the Hero Honda, to prove the case as extortion.

39. Considering the overall facts and circumstances of the case, and the appreciation of evidence, this Court is of the opinion that the trial Court has committed error in convicting the appellant under Section 393 with Section 34 of the IPC. Therefore, the Appeal deserves to be allowed.

આમ એ રીતે પણ આ કામે કોઈ પણ સાહેદોના પુરાવા થકી આ આક્ષેપો સાબીત થતા ના હોય, આ આરોપીઓની ગુનામા ની સંડોવણી પણ મળી આવતા ના હોય,ઉપરોકત પડેલ પુરાવા ના આધારે આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.

**૨૦.** આ કામે ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને આરોપીઓ સામેના આક્ષેપો નિશંકપણે પુરવાર થતા નથી. તેથી મુદ્દા નં .૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧)** આ કામના **સી.સી. નં. ૮૩૨૦/૨૦૧૦ના આરોપીઓ** ૧) રીજવાન ઉર્ફે રીજુભાઇ ગફુરભાઇ મલેક રહે. કસ્બા ઝાલોદ તા. ઝાલોદ જી.દાહોદ, ૨) મહેશ ધનાભાઇ ગરાસીયા

રહે.ઠકકરબાપા સોસાયટી બાંસવાડી રોડ નવાધરા ઝાલોદ તા.ઝાલોદ જી.દાહોદ, ૩)અખ્તરખાન ઇનાયણખાન પઠાણ રહે. ઝાલોદ ટીબા ફણીયા મુળ–સીતાવટલી તા. ઝાલોદ જી. દાહોદ, ૪) ઇશાકભાઇ ઉર્ફે દાંડ રસુલભાઇ ગુડાલા રહે. ગુણીસ્વાન સોસાયટી અલીફનગર ઝાલોદ તા. ઝાલોદ જી.દાહોદ, ૫) યુનુસભાઇ હાજી અહેમદભાઇ હુંગા રહે. માંડલી ફળીયા ઝાલોદ તા. ઝાલોદ જી. દાહોદ, ૬)જાવીદઅલી ઉર્ફે જાવલી બશીરઅલી સૈયદ રહે. ઉર્દુસ્કુલની સામે ફતેપુરા રોડ કસ્બા ઝાલોદ તા. ઝાલોદ જી. દાહોદ અને **સી.સી.નં. ૫૭૦૨/૨૦૧૨ ના આરોપી** ૧) કનુભાઈ રામાભાઈ કટારા રહે.ગરાડુ ગામ કળીયા દેવ ફળિયા તા. ઝાલોદ જી. દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૩૯૨,૧૧૪ મુજબના ગુના માથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨) આ કામના આરોપીએ અપીલ સમય સુધીના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

૩) આ હુકમની એક નકલ ૫૭૦૨/૨૦૧૨ માં સામેલ રાખવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ– ગાંધીનગર
તા. ૩૧/૧૨/૨૦૨૫

(એફ.એન.સોલંકી)
ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.
(જજ કોડ–જીજે૦૧૫૫૨)